જો તમારું હૈયું જ્વાળામુખી હોય તો તે તમારા હાથમાં પુષ્પો પાંગરે એવી અપેક્ષા રાખી શકો?
- ખલીલ જીબ્રાન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૨૭ ૧૭ જુલાઇ, ૨૦૧૩, બુધવાર; અષાઢ સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# બી.બી.એ. કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓ વિવિધ કાર્યક્રમોમાં જોડાયા

ગાંધીનગર, તા.૧૬

વન વિભાગ ગાંધીનગર દ્વારા 'વૃક્ષ યાત્રા' કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. વૃક્ષ યાત્રામાં બી.પી. કોલેજ ઓફ બિઝેસ એડમિનીસ્ટ્રેશન બી.બી.એ.ના ૧૨૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ ગાંધીનગરમાં પ્રજાજનોને વિવિધ છોડવાઓની વહેંચણી કરી હતી.

બી.બી.એ. કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ 'ગાંધીનગર સાહિત્ય સભા' અને 'ગુજરાત પ્રેસ અકાદમી'ના સંયુકત ઉપક્રમે યોજાયેલા 'ગુજરાતી લેખનનાં બે પાસા : સાહિત્ય અને પત્રકારત્વ' વિષય પરના પરિસંવાદમાં ભાગ લીધો હતો. ૨૦૦ વિદ્યાર્થીઓએ સમગ્ર કાર્યક્રમ રસપૂર્વક માણ્યો હતો.

કોલેજના વિદ્યાર્થીઓને વિવિધ કાર્યક્રમોમાં પ્રો-માર્ગી દેસાઈ અને પ્રો. નીરવ જોષી તેમજ ધર્મેન્દ્રભાઈ રાઠોડના નેતૃત્વ હેઠળ લાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં આચાર્ય ડૉ. રમાકાન્તભાઈનું યોગ્ય માર્ગદર્શન યોજાયું હતું.